આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

રખડતા ભટકતા મંઝીલ મળી જ જશે... ગુમરાહ તો એ લોકો છે જે ઘેરથી નીકળ્યા જ નથી
- શાહબુદ્દીન રાઠોડ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૫૧ | ૪ માર્ચ, ૨૦૧૪, મંગળવાર; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● હોંગકોંગમાં 'નમો' રેસ્ટોરન્ટનો પ્રારંભ**

રાજ્યના મુખ્યમંત્રી અને



ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આજકાલ ખુબ ચર્ચામાં છે. દેશના અનેક રાજ્યોમાં તેમના નામે 'ચા'ના સ્ટોલ ખુલી રહ્યા છે. ત્યારે હવે વિદેશમાં તેમના નામે હોટલ ખુલી છે. હોંગકોંગમાં 'નમો રેસ્ટોરન્ટ'ના નામે હોટલનો પ્રારંભ થયો છે જે અહીં ખુબ લોકપ્રિય બન્યો છે.

**● અમિતાભની ફિલ્મ ધે ગ્રેટ ગેટબસીએ ઓસ્કાર જીત્યો**

અમિતાભ બચ્ચન અને તેમના ચાહકો માટે આનંદના



સમાચાર છે. હોલીવુડની ફિલ્મ 'ધ ગ્રેટ ગેટબસી'એ બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈનનો એવોર્ડ જીત્યો છે. આ ફિલ્મમાં અમિતાભએ મેયર વોલ્ફશેમ નામક જુગારીની ભૂમિકા ભજવી હતી. હોલીવુડના લોકપ્રિય અભિનેતા લિયોનાર્ડો ડિ કેપ્રિયોએ આ ફિલ્મમાં મુખ્યપાત્ર ભજવ્યુ છે.

**● સ્ટાર ગોલ્ડ જય હો, સિંઘમ-૨ જેવી નવ ફિલ્મો ખરીદી**

'જય હો', કીક, 'સિંઘમ-૨' અને 'બોમ્બે વેલ્વેટ' સહિતની મોટા બજેટની નવ ફિલ્મોને આશરે ૧૮૦ કરોડમાં ખરીદી છે. સ્ટાર ગોલ્ડે જાહેરાત કરી છે કે ૨૦૧૪ના પ્લાનના એક ભાગ મુજબ તેઓએ હિન્દી ફિલ્મોના લોકપ્રિય કલાકારો સલમાન ખાન, અજય દેવગણ, રણબીરકપૂર અને રીતીક રોશનની ફિલ્મોની ખરીદી કરી છે.

**● કેદારનાથ મંદિરના દ્વાર ચોથી મે એ ખુલશે**

છ મહિના સુધી બંધ રહ્યા બાદ ગઢવાલમાં હિમાલયની ઉંચી પહાડી પર આવેલા ભગવાન શિવના



ધામે કેદારનાથ મંદિરનાં દ્વાર શ્રદ્ધાળુઓ માટે આ વર્ષે ચોથી મે એ ખોલવામાં આવશે. આ ઉપરાંત ચારધામના નામથી પ્રસિદ્ધ ચારેય મંદિરોના દ્વાર ખોલવાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. આ વર્ષે ચારધામની યાત્રા મે ના પહેલા સપ્તાહથી શરૂ થશે.

# મનપાની ભરતી પ્રક્રિયાના પરિણામો નોટીસ બોર્ડ પર મુકવા સભ્યોની માંગ

**બઢતી માટેની નીતિ તૈયાર કરવા પણ સભ્યોની સ્થાયી સમિતિમાં રજુઆત : સ્થાયી સમિતિમાં સ્વચ્છતા અભિયાનની એજન્સીઓ નિયત કરવામાં ભ્રષ્ટાચારની બદબુ આવતી હોવાના આક્ષેપ ને લઈ સન્નાટો**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગરપાલિકાની જુદીજુદી કેડરોની ભરતી પ્રક્રિયાના પરિણામો જેમ જેમ જાહેર થાય તેમ તેમ મનપાની નોટીસ બોર્ડ પર દર્શાવવામાં આવે તેવી રજુઆત આજે મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં સભ્યોએ કરી હતી.

સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ આજની આ બેઠકમાં બંને પક્ષના સભ્યોએ આવી રજુઆત કરી હતી. સભ્યોએ ભરતીની સાથે સાથે જુના કર્મચારીઓની બઢતી માટેની નીતિ તૈયાર કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

સભ્યોની લાગણીને ધ્યાને રાખી કમિશનરશ્રી હિંગરાજીયાએ યોગ્ય જરુર કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી તેમજ બઢતી માટેના નિયમો બને એટલી ઝડપથી તૈયાર કરી સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

રાજય સરકારે ભરતી માટે મહેકમ મંજૂર કરી દીધું છે જેમાં ૩૦ જેટલી જગ્યાઓ બઢતી ભરવા માટે સૂચવ્યું છે. ભરતીના નિયમો તૈયાર કરી મંજુરી માટે રજુ કરાયા હતા પરંતુ બઢતી માટેના નિયમો હજુ તૈયાર નહિ થયા હોવાનું જાણવા મળેલ છે. હવે

● અનુસંધાન પાન-૭ પર

# જીલ્લા પંચાયતમાં કારોબારીની સત્તાઓ પાછી ખેંચવાના મુદ્દે નોટીસ

**વિકાસ કમિશનરની નોટીસ મળતાં જ ઠરાવ પાછો ખેંચવા કોંગી નેતાગીરી પર દબાણ બનાવતા સભ્યો**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ કારોબારી સમિતિની સત્તાઓ પરત લેવાના કરેલા ઠરાવનો કેમ પ્રતિષેધ ન કરવો તેવી કારણદર્શક નોટી પંચાયતને વિકાસ કમિશનરની કચેરી દ્વારા પાઠવવામાં આવતાં પંચાયતના વાતાવરણમાં નવો ગરમાવો આવ્યો છે.

વિકાસ કમિશનરશ્રી દ્વારા પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસમાં આ સત્તાઓ પ્રમુખ અને સામાન્ય સભાને સોંપવાનો કરાયેલો ઉલ્લેખ પ્રસ્તાવ સાથે સુસંગત નહિ હોવાનું તેમજ સામાન્ય સભાના સચિવ તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તે અંગે કોઈ સ્પષ્ટતાઓ કેમ ના કરી? તે બાબતે પૃચ્છા કરી છે.

સામાન્ય સભાએ કરેલા આ વિવાદાસ્પદ પ્રસ્તાવને લઈ કોંગ્રેસ પક્ષમાં જૂથબંધી ચરમ સીમાએ પહોંચી હતી અને બેઠકોનો સિલસિલો નેતાઓ વચ્ચે આરંભાયો હતો જે ઉલ્લેખનીય છે.

હવે વિકાસ કમિશનરશ્રી તરફથી આ ઠરાવને કેમ પ્રતિષેધ ન કરવો તેવી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવતાં કોંગ્રેસની નેતાગીરીએ હવે આ ઠરાવ જ પાછો ખેંચવાની દિશામાં વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

જો કે કોંગ્રેસની નેતાગીરી હાલ તો લગ્નસરાની ભરચક મોસમને લઈ કંઈ પણ બોલવાનું ટાળી રહી છે.

બીજી તરફ પંચાયતના જ કેટલાક સભ્યો હવે પ્રસ્તાવ પાછો ખેંચી અને જૂથબંધીનો ટકરાવ ટાળવા માટે નેતાગીરી પર દબાણ બનાવી રહ્યા હોવાથી પંચાયતમાં રાજકીય ધમધમાટ વધી જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સતત ત્રીજી ટર્મ સત્તાના સૂત્રો સંભાળનાર કોંગ્રેસ પક્ષના સત્તાધીશો આ ટર્મમાં સૌથી વધુ વિવાદમાં રહેવા પામ્યા છે તે ઉલ્લેખનીય છે.



ફાગણ ફોરમ તો આયો.... - ફાગણની અનોખી મસ્તી હોય છે... હોળીનો તહેવાર ફાગણમાં છવાયેલો રહે છે... રંગ અને ઉમંગનો તહેવાર, મોજ અને મસ્તીનો તહેવાર... તમામ જાતિ-ધર્મનો તહેવાર... હોળી એટલે સામાજીક એકતાનો તહેવાર... ફૂલ અને ફોરમનો તહેવાર... હોળીના આગમનના એંધાણ પ્રકૃતિ આપી રહી છે. કેસૂડાના ફૂલ વન-ઉપવનમાં દેખાવા લાગ્યા છે... લાલ ચટક કેસૂડો જોતા જ મનમાં ઉમંગ જાગે છે... આયુર્વેદિક શાસ્ત્ર કેસૂડાના અનેક ફાયદાઓ વર્ણવે છે... પરંતુ મનમાં ઉમંગ જગાવતો કેસૂડો માનવ જાતને ઉત્સાહ અને ઉલ્લાસનો સંદેશ આપે છે... હોળી - ધૂળેટીના તહેવારોમાં પ્રાકૃતિક રંગોનું હવે માનવ મહત્વ સમજતો થયો છે... પરંતુ પ્રાચીન સંસ્કૃતિમાં તો ધૂળેટીનો ઉત્સવ કેસૂડાના રંગે જ ઉજવાતો હતો... આવો જાગૃત બની પ્રાકૃતિક રંગોથી ધૂળેટીના ઉત્સવને ઉમંગથી ઉજવીએ....

# વહીવટીતંત્રમાં વધુ ડઝન જેટલા નાયબ મામલતદારો બદલાયા

**છ નાયબ મામલતદારોને બઢતી મળતાં ફેરફારો કરવાનું તંત્રને અનિવાર્ય બન્યું**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના છ નાયબ મામલતદારોને મામલતદાર સંવર્ગમાં બઢતી મળતાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વધુ એક વખત બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો છે. ૧૨ જેટલા નાયબ મામલતદારોની આ બીજા તબક્કામાં બદલી કરવામાં આવી છે.

જિલ્લા તંત્ર દ્વારા આ બદલી અનિવાર્ય બનતાં તે કરવામાં આવી છે. જેમાં કલોલ પ્રાંત અધિકારી તેમજ ગાંધીનગર પ્રાંતના શિરસ્તેદારોને બઢતી મળતાં આ જગ્યાઓ ખાલી પડી હતી જે ભરવામાં આવી છે તેમજ કેટલીક જગ્યાઓ જે મહત્વની ખાલી પડી હતી તે પણ ભરવામાં આવી છે.

ગાંધીનગર પ્રાંત અધિકારીના શિરસ્તેદાર તરીકે શ્રી વી.એસ. દેસાઈની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે કલોલ પ્રાંતના શિરસ્તેદાર તરીકે ના. મામલતદાર (મહેકમ) તરીકે ફરજો બજાવતા શ્રી એસ.એ. પ્રજાપતિની નિમણુંક કરાઈ છે.

આ બદલીના હુકમોમાં શ્રી બી.જે. દંતાણી, શ્રી એસ.આર. પટેલ, શ્રી જીગર પરમાર, શ્રી એસ.એસ. સૈયદ, શ્રી એસ.વાય. પઠાણ, શ્રી બી.બી. પ્રજાપતિ, શ્રી એન.એ રાવ, શ્રી પી.જી. ઓલીક્ષત્રિય, શ્રી એસ.એ. પરમાર અને શ્રી બી.વી. ચાવડાની બદલી કરવામાં આવી છે.

દરમ્યાન લોકસભાની આવી રહેલી ચૂંટણીને સંદર્ભે પણ ૧૩ જેટલા કારકુનોની બદલીના હુકમો કરી ચૂંટણી કામગીરી માટે મુકવામાં આવ્યા છે.

આ બદલીના હુકમોમાં આર.આઈ. પટેલ, દિવ્યરાજસિંહ ચૌહાણ, શંકેત ઠાકર, એન.બી. ઠાકોર, વી.આર. પટેલ, ડી.બી. ત્રિવેદી, સંજય શર્મા, એચ.કે. વાઘેલા, એમ.પી. ડોડિયા, જે.આર. પરમાર, કે.જી. રાવલ, મહાવીરસિંહ વાઘેલા, વીરલ લીમ્બાચિયાનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ઈન્ટરનેશલ પબ્લીક સ્કૂલ






કડી સર્વવિદ્યાલયની વિવધ ચાર શાળાઓ...



વાર્ષિકોત્સવની ઉજવણીની પરાકાષ્ઠા - ગાંધીનગરની શાળા-કૉલેજોના વાર્ષિકોત્સવની મોસમ પૂરબહાર ખીલી છે... છેલ્લા બે દિવસમાં ત્રણ શાળાઓનો વાર્ષિકોત્સવ રંગારંગ કાર્યક્રમોથી ઉજવાયો.... ગાંધીનગર ઈન્ટરનેશલ સ્કૂલનો ટાઉનહોલ ખાતે, સ્કૂલ ઓફ એચીવરનો સ્કૂલના કેમ્પસમાં તથા કડી કેમ્પસની ચાર શાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ કડી સંકુલના હોલમાં યોજાયો હતો. ત્રણેય શાળાઓમાં ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થઈ હતી. શાળાના બાળકોએ પ્રાચીન - અર્વાચીન નૃત્ય શૈલી અનોખી અદામાં પ્રસ્તુત કરી હતી. જ્યારે થીમ આધારિત કાર્યક્રમોમાં પ્રાચીન સંસ્કૃતિથી લઈને આજ પર્યંતની આધુનિક નૃત્યશૈલી પ્રસ્તુત કરતા બાળકો વિશ્વાસપૂર્વક મંચ પર રજૂ થતાં હતા. બાળકોના આંતરિક શક્તિના વિકાસ માટે વાર્ષિકોત્સવ યોજાતા હોય છે. ગાંધીનગરની પરંપરા રહી છે કે, જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં મોટાભાગની શાળાઓના વાર્ષિકોત્સવ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવાય છે. જ્યાંથી આવતીકાલના કલાકારોના ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે... ગુજરાતના કોઈપણ શહેર કરતાં ગાંધીનગરમાં શાળાઓ બાળકોને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં અસરકારક રીતે જોતરે છે... જેના પગલે ગાંધીનગરમાં કલા સંસ્થાઓ અને સાંસ્કૃતિક સંસ્થાઓનો વ્યાપ વિસ્તરતો જાય છે... અને પ્રવૃત્તિને વેગ મળે છે... (તસવીર : દિપક જાની)

# એસ.બી.આઈ.માંથી બોલું છું કહીને એ.ટી.એમ. નંબર માંગી રૂપિયા ઉપાડી લેવાનું ચાલતું નેટવર્ક...!

**ગાંધીનગરનાં ૨૦ જેટલા ખાતેદારોના ખાતામાંથી આ રીતે હજારો રૂપિયા ઉપડી ગયા પરંતુ પોલીસને આવી તપાસમાં રસ જ નથી...!**

ગાંધીનગર, તા.૩

એસ.બી.આઈ. બેંકમાંથી બોલુ છું, આપના ખાતામાં કે.વાય.સી. નથી. તાત્કાલીક એટીએમ અને પીન નંબર આપો, નહીંતર ખાતું બ્લોક કરું છું... આવા ફોન ગાંધીનગરમાં ઘણાં લોકોને આવ્યા છે અત્યાર સુધીમાં ૨૦ જેટલા લોકોને આ ફોન આવ્યા બાદ હજારો રૂપિયા નું નુકશાન પણ વેઠવું પડયું છે નંબર મેળવી લઈને તે ખાતેદારના ખાતામાંથી રૂપિયા ડેબીટ કરી લઈ છેતરપીંડી આચરવામાં આવે છે. આજે પણ આવો એક કિસ્સો બન્યો છે પરંતુ પોલીસ આ ગુનાને ડિટેકટ કરી આરોપી સુધી પહોંચવા રસ જ ન લેતી હોવાથી આ માસ્ટર માઈન્ડ ગુનેગારોને છુટ્ટો દોર મળી ગયો છે અને સાયબર ક્રાઈમના આ નેટવર્કમાં શહેરીજનો વધુને વધુ ભોગ બનતા જાય છે...!

શહેરના ૨૦ જેટલા બેંક ખાતેદારો આ પ્રકારના ગુના આચરતી ગેંગના શિકાર બની ચુકયા છે તેવું બેંક સુત્રો જ કહી રહ્યા છે ત્રણ દિવસ પહેલા એક ખાતેદારને આવો જ ફોન આવ્યો અને રૂ. ૬૦હજાર ખાતામાંથી ઉપડી ગયાનો કિસ્સો બનવા પામ્યો હતો. જયારે આજે સવારે સે-૪-એ પ્લોટ નં. ૨૨૬/૨માં રહેતા એક સરકારી કર્મચારી બાબુભાઈ આત્મારામ પ્રજાપતિ ઓફીસ ગયા ત્યારે તેમને ૭૭૬૧૮૧૧૨૪૬ નંબર પરથી ફોન આવ્યો. એસબીઆઈમાંથી બોલું છું કહીને ખાતું બંધ થઈ જવાની બાબત ગળે ઉતારી ખાતેદાર બાબુભાઈ પાસેથી એટીએમ અને પીન નંબર મેળવી લઈ ફોન કટ કરી દીધો હતો. બાબુભાઈના બાજુમાં બેઠેલા મિત્રએ તેમની વાતચીત સાંભળી એટલે કહ્યું કે આવા ફોન કૉલ આવે તો નંબર આપી ન દેવાય, ચાલ જલ્દી બેંકમાં જાણ કરતાં આવીએ...! બંને મિત્રો એસબીઆઈની મુખ્ય શાખામાં ગયા ત્યાં સુધીમાં તેમના ખાતામાંથી પાંચ પાંચ હજારના બે જુદા જુદા ટ્રાન્જેકશન અને ૧-૧-હજારના ત્રણ ટ્રાન્જકેશન મળીને રૂ. ૧૩હજાર ડેબીટ કરી નાંખ્યા હતા. આ છેતરપીંડી અંગે પોલીસને જાણ કરતાં સે-૨૧ પોલીસે અરજી લઈ તપાસ શરુ કરી છે. જો કે પોલીસ ગુનો દાખલ ન કરતી હોવાથી અને તપાસમાં રસ ન લેતી હોવાથી આ પ્રકારના ક્રાઈમ્સ ખુબ જ વધવા લાગ્યા છે.


SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



